રાણી દુર્ગાવતી.



"ગુણસુંદરી"ના સૌજન્યથી

સંપાદક :

શ્રી પ્રાણલાલ કીરપારામ દેશાઇ.

પ્રકાશક:

ગંગારામ ખન્ના

સંચાલક:

શ્રી હિન્દુ સાહિત્ય પ્રચારક મંડળ
રાયપુર, અમદાવાદ.

મુદ્રક:--ગોવિંદલાલ મોહનલાલ જાની.
શ્રી કીશા પ્રિન્ટરી, રતનપોળ, અમદાવાદ

સંવત ૧૯૯૮ **સને ૧૯૪૨**

૨૦૦૦) **કીમત ૦-૧-૦**

રાણી દુર્ગાવતી

ધર્મ અને કર્તવ્યની વેદી ઉપર પોતાની જાતનું બલિદાન આપનાર વીરાંગના દુર્ગાવતીની જીવન કથાથી હિન્દુ યુવકો અને યુવતીઓ જોઇએ તેટલાં માહિતગાર નથી કારણ કે આપણા ઇતિહાસનાં પાઠ્ય પુસ્તકોમાં રાણી દુર્ગાવતીની જીવનકથાને મહત્વનું સ્થાન આપવામાં આવેલું નથી. એક લેખકે રાણી દુર્ગાવતીનું નીચે પ્રમાણે શબ્દચિત્ર આલેખેલું છે.

"રાણી દુર્ગાવતી એક અતિ સુંદર સ્ત્રી હતી. સૌંદર્યની તો તે સાક્ષાત્ પ્રતિમા હતી એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ જેવું બીલકુલ નથી. એનું સૌંદર્ય અપાર્થીવ હતું. તેમાં તો સાક્ષાત્ પરમાત્માનું તેજ દૃષ્ટિગોચર થતું હતું. પવિત્રતામાં તો તેની સરખામણી સતી સીતા અને સાવિત્રી સાથે કરી શકાય એમ છે. તે રાણી હતી, મહારાણી હતી. મહારાણીનું ઓજસ્ તથા પ્રતિભા તેનામાં પ્રત્યક્ષ નજરે પડતાં હતાં. રાજસિંહાસન ઉપર જ્યારે તે બેસતી ત્યારે તે સાક્ષાત્ લક્ષ્મી કે સરસ્વતીનો અવતાર હોય એવો જ સર્વને ભાસ થતો. રાજદ્વારી વિષયોમાં તે એટલી બધી પ્રવીણ અને કાર્યદક્ષ હતી કે આપણે તેને ચાણક્યની સાથે સરખાવી શકીએ. તે દયાનો અવતાર હતી. ગરીબોનાં દુઃખો દૂર કરવામાં તેમ પોતાની સમસ્ત પ્રજા પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ રાખી તેમને હરેક રીતે સહાય કરવામાં તે નિરંતર મચેલી રહેતી. શૌર્ય, સ્વાતંત્ર્ય અને કર્મ વીરતાની તો તે સજીવ મૂર્તિ હતી. પોતાના એક હાથમાં લાંબો ભાલો અને બીજા હાથમાં વીજળીની માફક ચળકતી કટાર પકડી તે પોતાના સુંદર અને તેજસ્વી ઘોડા ઉપર સ્વાર થઈ રણક્ષેત્રમાં

ઘુમતી અને સિંહનાદ કરી પોતાના સૈનિકોમાં ચેતન રેડતી ત્યારે તો તે સિંહ ઉપર સવાર થઇ રણે ચડેલી દુષ્ટોનો સંહાર કરતી સાક્ષાત્ રણચંડી દુર્ગા જેવી દેખાતી હતી. તે વખતે તો જોનારને એવો જ ભાસ થતો હતો કે દુર્ગા દેવીએ ફરીથી આ પૃથ્વી ઉપર દુષ્ટોનો સંહાર કરવા જન્મ લીધો છે."

દુર્ગાવતી ગોંડ પ્રદેશમાં આવેલા મેહરાજ મહોવા નગરના ક્ષત્રિય રાજા ચંદનદાસની પુત્રી હતી. ચંદનદાસ બાબરનો ને શેરશાહનો સમકાલીન હતો. દુર્ગાવતીમાં જન્મથી જ પવિત્રતા, તેજસ્વીતા તેમ ડરેલપણું નજરે પડતાં હતાં. રાજકુમારી દુર્ગાવતીનું બાળપણ વીતી ગયું અને તેણે મુગ્ધાવસ્થામાં પ્રવેશ કરવા માંડયો એટલે તેના પિતાને તેના લગ્ન માટે ચિંતા થવા લાગી. તેણે સ્વયંવરની વ્યવસ્થા કરવા માંડી. અને અખિલ હિંદના બધા હિન્દુ રાજાઓ અને રાજકુંવરોને સ્વયંવરમાં હાજર રહેવાનાં આમંત્રણો મોકલ્યાં. સ્વયંવર મંડપમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીના તથા દ્વારકાથી તે જગન્નાથપુરી સુધીના અનેક હિન્દુ રાજાઓ અને રાજકુંવરો આવી પહોંચ્યા અને પોતાને માટે નક્કી કરેલા આસનો ઉપર ગોઠવાઇ ગયા. સ્વયંવરમાં નજદીકના પ્રદેશ બુંદેલખંડમાં આવેલા ગડમંડળના ક્ષત્રિય રાજા દિલીપસિંહને આમંત્રણ નહોતું કારણ કે રાજા ચંદનદાસ અને દિલીપસિંહ વચ્ચે પેઢીચરના અણબનાવો ચાલ્યા કરતા હતા. રાજપુત્રી દુર્ગાવતીએ રાજા દિલીપસિંહનાં શૌર્ય, દેશભક્તિ તથા ધર્મવીરતા સંબંધી ઘણું સાંભળ્યું હતું. એટલું જ નહિ પણ તેની સૌમ્ય મૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન પણ તેણે એકવાર કર્યાં હતાં. એક સમયે રાજા દિલીપસિંહ લાંબી મુસાફરી કરી પોતાને નગર પાછો ફરતો હતો. રસ્તામાં ચંદનદાસની રાજધાનીનું નગર મેહરાજ આવતું હતું. રાજા ચંદનદાસની જાણ બહાર તે અને તેનો રસાલો નગર બહાર આવેલી રાજા ચંદનદાસની વાટિકામાં વિશ્રાંતિ લેવા બે ઘડી થોભ્યા હતા. તે વખતે અનાયાસે દુર્ગાવતીએ તેનાં દર્શન કર્યાં હતાં અને તેની સાથે થોડી ઘણી વાતચીત કરવાનો અમૂલ્ય અવસર પણ તેને મળ્યો

હતો. તે સમયથી દુર્ગાવતી રાજા દિલીપસિંહ સાથે પ્રેમમાં પડી હતી. તેણે તો મનથી સંકલ્પ પણ કરી લીધો હતો કે પરણું તો રાજા દિલીપસિંહને જ પરણું નહિ તો આ જન્મ કુમારિકાવ્રત પાળું. તે તો દરરોજ આનંદદાયક કલ્પનાસૃષ્ટિમાં મહાલ્યા કરતી હતી, " મારો સ્વયંવર થશે. સ્વયંવર મંડપમાં હાથમાં વરમાળા લઇ હું હસતી હસતી પ્રવેશ કરીશ અને મારા પ્રાણેશ્વર દિલીપસિંહના કંઠમાં વરમાળા પહેરાવીશ." કલ્પનાના સુખની પ્રત્યક્ષ સિદ્ધિ થવાનો સમય આવ્યો એટલે દુર્ગાવતી હાથમાં વરમાળા લઇ મલકાતી મલકાતી સ્વયંવર મંડપમાં દાખલ થઇ. તે બિચારીને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે અણબનાવને કારણે તેના પિતાએ રાજા દિલીપને તો સ્વયંવરમાં આવવાનું આમંત્રણ સરખું એ આપ્યું નહોતું.

બધા રાજાઓ અને રાજકુંવરો સ્વયંવરમંડપમાં પોતપોતાના સ્થાન ઉપર ગોઠવાઇ ગયા હતા અને રાજા ચંદનદાસની આજ્ઞાથી દુર્ગાવતી હાથમાં વરમાળા લઇ સ્વયંવર મંડપમાં બધે ફરી વળી. બધા રાજાઓ અને રાજકુંવરો અતિ આતુરતાથી જોઇ રહ્યા હતા કે સૌંદર્યની આ સાક્ષાત દેવી કોના ઉપર પ્રસન્ન થશે અને કોને વરમાળા આરોપશે. સ્વયંવરમાં કોઇ પણ સ્થળે દુર્ગાવતીએ તેના હૃદયેશ્વર દિલીપસિંહને દીઠો નહિ એટલે ઉદાસ થઇને કોઇને પણ પણ વરમાળા પહેરાવ્યા વગર તે સ્વયંવર મંડપમાંથી ચાલી ગઇ. રાજા ચંદનદાસ પહેલાં તો એવું સમજ્યો કે આ બધા ઠાઠમાઠથી અને અનેક રાજાઓ અને રાજકુંવરોને જોઇ છોકરી ગભરાઇ ગઇ છે. તેથી તેણે નોકરોને આજ્ઞા કરી કે " બહેનને ફરીથી સ્વયંવર મંડપમાં બોલાવી લાવો." એ જ પળે સ્વયવર મંડપના પ્રવેશ દ્વાર આગળ એક ઘોડેસ્વાર આવી પહોંચ્યો. તે લાંબી મજલ કાપી દોડતે ઘોડે આવ્યો હતો એમ તેના ઘોડાના મોંમાંથી નીકળતા ફીણના ગોટેગોટા તેમ આખા શરીર ઉપરથી નીતરતા પરસેવાના રેલાઓ ઉપરથી સ્પષ્ટ માલમ પડતું હતું. ઘોડા ઉપરથી ઉતરી તેણે

દમાંમથી સ્વયંવર મંડપમાં પ્રવેશ કર્યો. આ નવો યુવક કોણ હશે ? એને એવું શું અગત્યનું કામ હશે કે આજ સમયે આમ દોડતે ઘોડે એ અહીંઆ આવ્યો હશે ? આવા આવા પ્રશ્નો દરેક જણ એકબીજાને પુછવા લાગ્યા. પિતાની આજ્ઞાને માન આપી સ્વયંવર મંડપમાં વરમાળા લઈ ફરીથી દાખલ થયેલી દુર્ગાવતીની દૃષ્ટિએ પણ આ યુવક પડયો. તેણે એ યુવકને એકદમ ઓળખી કાઢયો. તેના ઉદાસીન ચહેરા ઉપર એકદમ આનંદ અને ઉત્સાહ છવાઈ રહ્યા. ઉતાવળાં ડગલાં ભરી બીજું કોઈ કાંઈ પણ સમજી શકે ત્યાર પહેલાં તો દુર્ગાવતીએ આ નવા આવેલા યુવકના ગળામાં વરમાળા પહેરાવી દીધી. નેકી પોકારનાર ચોપદારો અને બારોટોએ મોટે સાદે જાહેર કર્યું કે રાજકુંવરી દુર્ગાવતીએ ગઢ મંડલાના રાજા દિલીપસિંહના ગળામાં વરમાળા પહેરાવી છે.

પોતાના ગળામાં વરમાળા આરોપાઇ કે તુરત જ નવો આવેલો યુવક મંડપની બહાર આવ્યો ને જેટલી ત્વરાથી આવ્યો હતો તેટલી જ ત્વરાથી પોતાના ઘોડા ઉપર આરૂઢ થઈ તેણે ઘોડો મારી મુક્યો. શું બન્યું છે તેનો પુરેપુરો ખ્યાલ સ્વયંવર મંડપમાં બેઠેલા રાજાઓ અને રાજકુંવરોને આવે ત્યાર પહેલાં તો નવો આવેલો યુવક સર્વની નજર આગળથી અદૃશ્ય થઇ ગયો. રાજા ચંદનદાસને જ્યારે વસ્તુ સ્થિતિનો પુરેપુરો ખ્યાલ આવ્યો ત્યારે તેને ખુબ જ ક્રોધ ચઢયો, તેની આંખમાં ખુન્નસ ભરાઈ આવ્યું. ક્રોધાવેશમાં તેણે મ્યાનમાંથી તરવાર બહાર કાઢી અને ગુસ્સામાં દુર્ગાવતી સામે જોઇ તે બોલ્યો “ ઓ કમબખ્ત છોકરી, તેં આ શું કર્યું ? તને તો હું એક નિર્દોષ બાલિકા સમજતો હતો. તારામાં આટલી નિર્લજ્જતા ક્યારની આવી ? તેં કોના ગળામાં વરમાળા પહેરાવી છે તેનું તને ભાન છે ? રાજા દિલીપસિંહ તો મારો પેઢીવરનો શત્રુ છે. તારા પિતાના શત્રુને તારો પતિ બનાવી તેં તો મારી ઇકોતેર પેઢીને કલંક લગાડયું છે. દિલીપને મારી દીકરી આપું તેના કરતાં તો એ કુલાંગારનો હું શિરચ્છેદ કરું તો જ મારો ક્રોધાગ્નિ કાંઇક શાંત પડે.”

થોડી વાર શાંતિ ધારણ કર્યા પછી રાજા બોલ્યો, "ઓ નાલાયક દીકરી, હું તને જીવતા રહેવાનો એક પ્રસંગ આપું છું. થયું તે તો થઇ ગયું. કોટિ ઉપાયે હવે તે મિથ્યા થઇ શકે એમ નથી. તું ફરીથી સ્વયંવર મંડપમાં બીજી વરમાળા લઈ પ્રવેશ કર અને ત્યાં બેઠેલા રાજાઓ કે રાજકુંવરો પૈકી ગમે તેના ગળામાં વરમાળા પહેરાવ જો એ તને પત્ની તરીકે સ્વીકારે તો હું તારાં લગ્ન તેની સાથે કરવા તૈયાર છું." રાજા અને તેની પુત્રી વચ્ચે ચાલી રહેલી આ ઘટના જોઇને આજુબાજુ એકઠા થયેલા લોકોના હૃદયમાં પણ ભય વ્યાપી રહ્યો. શું થશે તેની કલ્પનાથી બધા થરથર ધ્રુજવા લાગ્યા. આખા સ્વયંવર મંડપનો રંગ બદલાઈ ગયો. આનંદને બદલે સર્વત્ર શોક છવાઈ રહ્યો. દુર્ગાવતીએ હિંમત અને શાંતિથી વિવેકપૂર્વક જવાબ દીધો, "પૂજ્ય પિતાજી, હું ઘણી જ દિલગીર છું કે આપની આ નવીન આજ્ઞાનું મારાથી પાલન થઈ શકે એમ નથી. ધર્મશાસ્ત્ર, પતિવ્રત મારો અંતરઆત્મા તેમ જ આપણા પ્રચલિત લોકાચાર બધા જ મને કહી રહ્યા છે કે એક વાર જે પુરૂષના ગળામાં મેં વરમાળા પહેરાવી છે તે જ મારો સ્વામી છે. બીજા પુરૂષના ગળામાં હવે મારાથી કદી પણ વરમાળા પહેરાવી તેને મારો પતિ બનાવી શકાશે નહિ. સતીને તો એક જ પતિ હોય. વીર ક્ષત્રાણી પોતાનો પતિ એક જ વાર પસંદ કરી લે છે. મેં રાજા દિલીપસિંહને મનથી મારો પતિ માની લીધો છે. મેં જાણી જોઇને જ એમના ગળામાં વરમાળા પહેરાવી છે. તમે ભલે મારૂં માથું કાપી નાખો, મારા ટુકડે ટુકડા કરી નાખો પણ હું મારો ક્ષત્રાણીનો ધર્મ કદી ચુકીશ નહિ. હવે બીજા કોઈના ગળામાં વરમાળા પહેરાવી તેને મારા પતિ તરીકે હું સ્વીકારૂં એ તો કદી પણ બનવાનું નથી."

દુર્ગાવતીનો આ હિંમતભરેલો જવાબ સાંભળી દુર્ગાવતીએ ગભરાટમાં નવા આવેલા યુવકના ગળામાં વરમાળા પહેરાવી દીધી છે એવો રાજા ચંદનદાસના મનમાં ઘડીભર પડેલો ભ્રમ હવે દૂર થઇ ગયો.

સ્વયંવર મંડપમાં જાહેરાત કરવામાં આવી કે સભા બરખાસ્ત કરવામાં આવે છે. એ જાહેરાત સાંભળી ત્યાં બેઠેલા રાજાઓ અને રાજકુંવરો પોતાની જગ્યા ઉપરથી ઉઠયા અને તેમણે પોતપોતાના મુકામ તરફ ચાલવા માંડયું.

રાજા ચંદનદાસે દુર્ગાવતીને બહુ બહુ સમજાવી, અનેક જાતની ધમકીઓ આપી પણ તેતો પોતાના નિશ્ચયમાં અડગ રહી. છેવટે તેને કેદમાં પુરવામાં આવી અને પુષ્કળ કષ્ટ આપવામાં આવ્યું. રાજા દિલીપસિંહ આ બધી ઘટનાથી વાકેફ રહેતો. તેણે દૂતો મારફતે ચંદનદાસને સમજાવવા પુષ્કળ પ્રયાસો કર્યા પણ એ પ્રયાસો નિષ્ફળ ગયા. એટલે તેણે છેવટે ચંદનદાસની રાજધાની ઉપર ઓચિંતો છાપો માર્યો અને દુર્ગાવતીને કેદખાનામાંથી મુક્ત કરી પોતાની રાજધાનીમાં લઈ આવ્યો. ત્યાં રાજા દિલીપસિંહ અને દુર્ગાવતીનાં વિધિપૂર્વક લગ્ન કરવામાં આવ્યાં.

(૨)

ગઢમંડળ મધ્યહિંદમાં બુંદેલખંડમાં પ્રયાગરાજ્યથી અગ્નિખુણે ૧૦૦ કોસ-(૨૦૦ માઈલ) દૂર આવેલું છે. ઈ. સ. ૧૩૫૦ માં એ નગરમાં ક્ષત્રિય રાજા વીર દિલીપસિંહજી રાજ કરતો હતો. જે દિલીપસિંહના ગળામાં દુર્ગાવતીએ પોતાના પિતાની ઇચ્છા અને આજ્ઞાની વિરૂદ્ધ જઈ સ્વયંવર મંડપમાં વરમાળા પહેરાવી હતી તે આજ દિલીપસિંહ હતો. એ સમયે સારા એ હિન્દુસ્તાનમાં મુસ્લીમોનું રાજ પ્રસરી રહ્યું હતું. જે થોડા ઘણા હિન્દુ રાજાઓ હજી સુધી પણ પોતાના સ્વાતંત્ર્યનું રક્ષણ કરી શકયા હતા તે પૈકીનો એક રાજા દિલીપસિંહ હતો. પવિત્ર ભારત ભૂમિમાં મ્લેચ્છોને સ્વચ્છંદપણે રાજ કરતા જોઇ દિલીપસિંહનું લોહી નિરંતર ઉકળી આવતું હતું.

સ્વાતંત્ર્યની ધગશે એના હૃદયમાં મજબૂત સ્થાન જમાવી દીધું હતું. દિન પ્રતિદિન મજબૂત બનતા મુસ્લીમોના સામ્રાજ્યમાં

પણ ગઢમંડળની સ્વતંત્રતાનો વાવટો ફરકતો રાખવાનો તેણે નિશ્ચય કરી લીધેલો હતો અને તેને માટે પોતાના પ્રાણની પણ આહૂતિ આપવાને તે તૈયાર હતો. પરંતુ દૈવની ગતિ અકળ છે. પ્રભુએ દિલીપસિંહને લાંબુ આયુષ્ય આપ્યું નહિ. દુર્ગાવતી સાથે લગ્ન કર્યા પછી માત્ર ચાર જ વર્ષે દિલીપસિંહનું ભરજુવાનીમાં મૃત્યુ થયું. તેના અને દુર્ગાવતીના પ્રેમના પ્રતીક તરીકે પોતાની પાછળ એક પુત્રરત્ન તેણે મૂક્યું હતું. એ પુત્રરત્નનું નામ વીર નારાયણ હતું. દિલીપસિંહના મરણ સમયે તેના આ બાળપુત્રની વય માત્ર ત્રણ વર્ષની હતી.

દુર્ગાવતીએ પહેલાં તો પોતાના પ્રિય પતિની પાછળ સતી થઇ બળી મરવાનો વિચાર કર્યો; પણ સદ્ગત રાજાના વફાદાર મિત્ર અને રાજ્યના મુખ્ય પ્રધાન અધરસિંહે તેને આગ્રહપૂર્વક વિનંતિ કરી કે "જો તમે પણ તમારા પતિની પાછળ તમારા પ્રાણનો નાશ કરશો તો બાળરાજા વીર નારાયણની સંભાળ કોણ લેશે? અને ગઢમંડળની સ્વતંત્રતા જે તમારા પૂજ્ય પતિને અત્યંત પ્રિય હતી તેનું રક્ષણ કોણ કરશે?" પોતાના પતિના વફાદાર મિત્ર અને રાજ્યના મુખ્ય પ્રધાનની આજીજીને વશ થઇ રાણીએ સતી થવાનો વિચાર માંડી વાળ્યો.

એક વર્ષ સુધી પતિના મૃત્યુના શોકમાં તદ્દન નિવૃત્ત અને ધાર્મિક જીવન ગાળ્યા પછી દુર્ગાવતીએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી અને પોતાના બાળપુત્ર વીર નારાયણ વતી તેણે રાજ્યકારભાર ચલાવવા માંડ્યો. અધરસિંહ દુર્ગાવતીને હૃદયની ખરી રાજ્યભક્તિથી સહાય કરતો હતો.

દુર્ગાવતીને પણ તેની પ્રમાણિકતા અને રાજ્યભક્તિ ઉપર સંપૂર્ણ આસ્થા હતી તેથી તેની સલાહ લીધા વગર તે એક પગલું પણ ભરતી નહોતી. દુર્ગાવતી અને અધરસિંહના રાજ્યકારભાર દર્મીઆન ગઢમંડળા ઉન્નતિ અને આબાદીના શિખરે પહોંચ્યું. પ્રજાની આર્થિક

સ્થિતિ ઘણી સુધરી ગઈ. પ્રજાના જાનમાલને તેમ વસ્તીની વહુ બેટીઓને સંપૂર્ણ સંરક્ષણ મળતું હોવાથી ગડમંડળાની પ્રજા પણ રાણી દુર્ગાવતી ઉપર પ્રસન્ન રહેતી હતી અને એને એક પવિત્ર દેવી સમજી તેના પ્રત્યે પૂજ્યભાવ રાખતી હતી. પોતાના પંદર વર્ષના અમલ દરમીઆન રાણી દુર્ગાવતીએ પ્રજાહિત અને પરોપકારનાં અનેક કાર્યો કર્યાં. જબલપુર નજદીક તેણે પોતાના પતિના સ્મારક તરીકે દિલીપસાગર નામનું એક સરોવર બંધાવ્યું. આ મોટા સરોવર દિલીપસાગરની નજીક પોતાની એક પ્રિય દાસીના સ્મારક તરીકે એક નાનું તળાવ પણ તેણે બંધાવ્યું. આ બે તળાવો ઉપરાંત તેણે અનેક મંદિરો તથા ધર્મશાળાઓ બંધાવ્યાં તેમ જ પ્રજાહિતનાં કેટલાંક જાહેર કાર્યો કર્યાં હતાં. રાણી દુર્ગાવતીએ ગડમંડળામાં એક ગજશાળા રાખી હતી. એ ગજશાળામાં ૧૪૦૦ હાથીઓ રાખવામાં આવ્યા હતા. રાણી દુર્ગાવતીએ પ્રજાહિતનાં અને પુન્યનાં એટલાં બધાં કાર્યો કર્યાં હતાં કે પ્રજા તેને માતા તુલ્ય સમજી માન આપતી હતી.

આ સમયમાં દિલ્હીની ગાદી ઉપર મહાન્ શહેનશાહ અકબર રાજ્ય કરતો હતો. હિંદ દેશમાં આવેલા નાના મોટા બધા જ હિન્દુ કે મુસ્લીમ રાજ્યોને પોતાના તાબામાં આણી ચક્રવર્તીપણું પ્રાપ્ત કરી હિન્દમાં એક મહાન મોગલ સામ્રાજ્ય સ્થાપવાની અકબરની મહત્ત્વાકાંક્ષા હતી અને રાજા માનસિંહ જેવા એક વફાદાર વીર રજપૂત સેનાધિપતિની સહાયથી અકબર પોતાની એ મહત્ત્વાકાંક્ષા સિદ્ધ પણ કરે જતો હતો. ભારતવર્ષમાં આવેલાં હિન્દુ તેમ જ મુસ્લીમ સ્વતંત્ર રાજ્યોને પોતાના તાબામાં આણવાના પ્રયાસો અકબરે શરૂ કર્યા. મધ્યહિંદમાં નર્મદા નદીના કિનારા ઉપર આવેલા ગોંદવનના પ્રદેશને પોતાના તાબામાં લાવવાને અકબરે પોતાના એક વીર સેનાધિપતિ

અસફખાનને પસંદ કર્યો. ગડમંડળાની વીર રાણી દુર્ગાવતીની બાહોશી, કાર્યદક્ષતા તથા શૌર્ય તેમ જ તેના અનુપમ સૌંદર્યની માહિતી અસફખાનને મળી ચૂકી હતી. ગડમંડળ સહેલાઇથી તાબે કરી શકાશે નહિ તેમ જ રાણી દુર્ગાવતીને સહેજમાં હરાવી શકાશે નહિ એવી ખબર અસફખાંએ શહેનશાહ અકબરને આપી તેથી શહેનશાહ અકબરે અસફખાનની મદદે ખાસ ચૂંટી કાઢેલું નવું સૈન્ય મોકલ્યું. આ નવું સૈન્ય પોતાની કુમકે આવી પહોંચતાં જ અસફખાંએ ગડમંડળા સર કરવાના પોતાના પ્રયાસો શરૂ કર્યા.

આ તરફ રાણી દુર્ગાવતીને પણ મોગલોના આક્રમણની ખબર મળી ગઇ હતી. પ્રથમ તો રાણી દુર્ગાવતીએ પોતાના વીર, વફાદાર અને કાર્યદક્ષ પ્રધાન અધારસિંહને બની શકે તો માનભરેલી સલાહ કરવા અકબરની પાસે દિલ્હી મોકલ્યો. આ બાહોશ પ્રધાને યુદ્ધને અંગે થતી મનુષ્યોની નાહક કતલ, પ્રજાને માથે પડનારી બીજી અનેક હાડમારીઓ, આફતો તથા દુર્દશા અટકાવવાના હેતુથી શહેનશાહ અકબર સાથે માનભરેલી સલાહ કરવા પોતાથી બનતું બધું કર્યું. પણ સલાહ માટેના તેના સર્વ પ્રયાસો નિષ્ફળ ગયા. ગડમંડળા ઉપર સ્વાતંત્ર્યનો વાવટો ફરકતો રહ્યા કરે તે વાત શહેનશાહ અકબરને રૂચતી આવી નહિ. તેને તો હિન્દ દેશના દરેકે દરેક હિન્દુ તેમ મુસ્લીમ રાજાઓને પોતાના તાબાના ખંડીઆ રાજાઓ બનાવવા હતા. રાણી દુર્ગાવતી પોતાનાં હથીઆરો નીચે મૂકી અકબરનું શરણ સ્વીકારે અને ગડમંડળાનું રાજ્ય અકબરના તાબાનું ખંડિયું રાજ્ય બનીને રહે તો જ અકબર સલાહ કરે અને અસફખાનના સૈન્યને ગડમંડળા ઉપર હુમલો લઇ જતાં અટકાવે. આવી રીતે માનભંગ થઇને પોતાની સ્વતંત્રતા નષ્ટ કરીને, તથા પોતાના પુત્ર વીર નારાયણને એક મુસ્લીમ શહેનશાહના તાબાના ખંડિયા રાજા બનાવીને અકબર સાથે સલાહ કરવાનું રાણી દુર્ગાવતીએ, તેના પ્રધાન અધારસિંહે તેમ તેના અઢાર વર્ષના વીર પુત્ર વીર નારાયણે નાકબૂલ કર્યું.

આથી ઇ. સ. ૧૫૬૪ માં ૧૬૦૦૦ ઘોડેસ્વારો, ૧૮૦૦૦ પાયદળ સૈન્ય તથા અનેક તોપો સાથે ગડમંડળા તરફ અસફખાંએ પોતાની કુચ શરૂ કરી.

ગડમંડળામાં પણ આ ખબર તુરત જ પહોંચી ગઇ. પ્રજામાં ગભરાટ ફેલાઇ ગયો; કારણ કે તે સમયે આખા હિન્દ દેશમાં શહેનશાહ અકબરનું સૈન્ય અજિત મનાતું હતું; અને તેનો તો કદી પરાજય થાય જ નહિ એવી તે સમયે આખા હિન્દમાં સામાન્ય માન્યતા હતી. ગડમંડળા જેવા એક નાના અને નજીવા રાજ્યે હિન્દના મહાન સમ્રાટ શહેનશાહ અકબરની સામે યુદ્ધમાં ઊતરવું એ તો કેવળ મૂર્ખાઇભરેલું સાહસ છે એમ ગડમંડળાની પ્રજા તેમ જ આજુબાજુના બીજા રાજાઓ સમજવા લાગ્યા. પણ પ્રજાના ગભરાટની તેમ આજુબાજુના રાજાઓના અભિપ્રાયની અસર વીર રાણી દુર્ગાવતી ઉપર બીલકુલ થઇ નહિ. તે તો ધૈર્ય તથા ઉત્સાહથી શહેનશાહ અકબર સાથે યુદ્ધમાં ઉતરવાની તૈયારીઓ કરવા લાગી. અલ્પ સમયમાં તેનું સૈન્ય પણ ગડમંડળાથી કુચ કરવા તૈયાર થઇ ગયું. આ વખતે દુર્ગાવતીના પુત્ર વીર નારાયણની ઉમ્મર માત્ર અઢાર વર્ષની હતી. રાણી દુર્ગાવતી તથા પ્રધાન અધરસિંહનો વિચાર એવો હતો કે યુદ્ધ શરૂ થાય ત્યાર પહેલાં વીર નારાયણને કોઇ સુરક્ષિત સ્થળે મોકલી દેવો. પણ વીર નારાયણ તો તેના નામ પ્રમાણે ખરેખરો વીર હતો. તેને પોતાના પિતા તથા માતા બંનેના તરફથી હિંમત અને શૌર્યનો વારસો મળ્યો હતો. તેથી તેણે આવે સમયે સુરક્ષિત સ્થળે નાસી જવાની સાફ ના પાડી અને રણક્ષેત્રમાં ઝંપલાવવાનો સત્યાગ્રહ શરૂ કર્યો. છેવટે રાણી તથા પ્રધાનને નમતું મૂકવું પડ્યું. અને તેમણે વીર નારાયણને યુદ્ધ માટે સજ્જ થવાની આજ્ઞા આપી. રાણી દુર્ગાવતીએ પોતે સૈન્યનું સેનાધિપતિપણું લીધું. તે શસ્ત્ર સજી બખતર પહેરી યુદ્ધમાં ઊતરવા નીકળી પડી. તેના શિર ઉપર રાજમુગટ શોભી રહ્યો હતો. તેના એક હાથમાં ચળકતી બરછી હતી તથા બીજા

હાથમાં તેજસ્વી તલવાર હતી. પોતાના તેજી અશ્વ ઉપર સવાર થઈ તેણે રણક્ષેત્રમાં ઝંપલાવ્યું. તેના કોમળ હૃદયમાં દેશપ્રેમ તેમ તેની રગે રગે સ્વાતંત્ર્યનું ઝનુન પ્રસરી રહ્યું હતું. ઘોડા ઉપર સ્વાર થઈ, પેંગડામાં પગ ઘાલી ઉભા થઈ, તેણે ભયંકર સિંહનાદ કર્યો. આ સિંહનાદ સાંભળીને દુર્ગાવતીના સન્યમાં નવીન ચેતન આવ્યું. સર્વના હૃદયમાં બલિદાનનો અગ્નિ પ્રજ્જળવા લાગ્યો. રાણી પ્રત્યેના પ્રેમ તથા સ્વદેશાભિમાનના ઉત્સાહમાં દુર્ગાવતીના વીર રજપૂત સૈનિકો પોતાના પ્રાણુની પણ આહુતિ આપવા તૈયાર થઇ સંગ્રામમાં નીકળી પડયા. સૌથી મોખરે વીર રાણી દુર્ગાવતી અને પાછળ તેના વફાદાર વીર સૈનિકો ગોઠવાયા એ રીતે તેમણે અસફખાનના સૈન્યને યુદ્ધ આપવા પોતાની કુચ શરૂ કરી.

(૩)

રાણી દુર્ગાવતી ૮૦૦૦ ઘોડેસ્વારો, ૧૫૦૦૦ પાયદળ સૈન્ય તથા ૧૪૦૦ હાથીઓ સાથે સિંહગગઢ નજદીક આવી પહોંચી. એ સ્થળે બંને સૈન્યોનો ભેટો થયો અને દારૂણ યુદ્ધની શરૂઆત થઇ. દુર્ગાવતીનું ચંડી સ્વરૂપ નીરખી શત્રુઓના હાંઝા ગગડી ગયા અને તેમણે વિજયની આશા છોડી દીધી. બંને પક્ષો તરફથી યુદ્ધના શંખનાદો સંભળાવા લાગ્યા. વીજળીની માફક તલવારો ચળકવા લાગી અને ગાજરોની માફક સૈનિકોનાં માથાંઓ કપાઇ ધડથી છૂટાં પડવા લાગ્યાં. દુર્ગાવતીના સૈન્યે બે વાર અસફખાનના મોગલ સૈન્ય ઉપર હુમલો કર્યો અને બંને વખતે રાણીના ન્યને સૈવિજય મળ્યો. દુર્ગાવતીના સૈન્યનો બીજી વારનો ધસારો એટલો બધો સખત હતો કે અસફખાનના સૈન્યે રણક્ષેત્ર છોડી નાસવા માંડયું. રાણી દુર્ગાવતીએ સાહસ કરી એ નાસતા સૈન્યની પૂંઠ પકડી. આ વીર ક્ષત્રાણીની ચળકતી તલવારની સામે ઉભા રહેવાની કોઈની પણ હિંમત ચાલતી

નહોતી. આંખના પલકારામાં શત્રુસૈન્ય સરકી ગયું. આ રીતે એક રજપૂત વીરાંગનાને હાથે મહાન શહેનશાહ અકબરના સૈન્યનો બબ્બે વાર પરાજય થયો. સારાએ હિન્દુસ્તાનમાં તે સમયે મોગલ સૈન્યનો વિજય ડંકો વાગી રહેલો હતો. પરંતુ એ અજિત મનાતું મોગલ સૈન્ય આ યુદ્ધમાં વીર દુર્ગાવતીના સૈન્ય સામે ટકી શક્યું નહિ. પળવાર આરામ લીધા વગર નાસતી મોગલ ફોજ ઉપર પાછળથી દુર્ગાવતીએ પોતાના હુમલાઓ જારી રાખ્યા. મોગલ સૈન્ય હેરાન હેરાન થઇ ગયું. આ મહાશક્તિના તેજ આગળ મોગલ સેનાધિપતિ અસફખાનનું તેજ હણાઇ ગયું. તેનો ઉત્સાહ નરમ પડી ગયો અને તેના આખાએ સૈન્યમાં નિરાશાનાં વાદળાં છવાઇ રહ્યાં.

સિંહગઢના રણક્ષેત્રમાં રાણી દુર્ગાવતીએ જે પરાક્રમ બતાવ્યું હતું તેની ઇતિહાસના પાઠય પુસ્તકોમાં બિલકુલ નોંધ લેવામાં આવેલી નથી એ ખરેખર દિલગીરીની વાત છે. આ વીર રાણીના બહારથી નાજુક અને કોમળ દેખાતા શરીરમાં આટલી બધી હિંમત અને આટલું બધું શૌર્ય ક્યાંથી આવ્યું તે એક નવાઇની વાત છે. તેના પરાક્રમથી શત્રુઓમાં ભંગાણ પડ્યું, તેઓ હાર્યા અને નાઠા.

યુદ્ધ પુરૂં થયે રાણી દુર્ગાવતીએ પોતાના સૈન્યને આરામ લેવાનો હુકમ આપ્યો. પરંતુ દૈવયોગે આ આરામ હાનિકારક નીવડયો.

રાણીનો વિચાર સૈન્યને માત્ર બે ચાર ઘડી આરામ લેવા દેવાનો હતો. પરંતુ ગડમંડળાના સૈન્યે આખી રાત આરામ લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી અને રાણીને તેમ કરવા દેવાની આજીજી કરી. રાણીને એમ લાગ્યું કે વિજયી સૈન્યની માગણીને તુચ્છકારી કાઢવી એ તેમનો ઉત્સાહ ભંગ કરવા બરોબર છે. તેથી રાણીએ સૈન્યને આખી રાત આરામ લેવાની પરવાનગી આપી. જો રાણીની યોજના મુજબ સૈન્યે માત્ર બે ચાર ઘડી આરામ લઇ શત્રુઓ ઉપર ફરી હુમલો કર્યો હોત તો દુર્ગાવતીનો છેવટનો સંપૂર્ણ વિજય નક્કી હતો.

અસફ્ખાનના છુપા બાતમીદારોએ તેને ખબર પહોંચાડી કે ગડમંડળાનું સૈન્ય આખી રાત આરામ લેવાનું છે અને સવારે આપણા સૈન્ય સામે હુમલો લાવવાનું છે. કાબેલ મોગલ સેનાધિપતિએ આ બાતમીનો પૂરેપૂરો લાભ લેવાનો વિચાર કર્યો. ખુલ્લા મેદાનમાં તેને બે વાર પરાજય મળેલો હોવાથી તે રાણીના ઉપર ઘણો જ ચીડાઈ ગયો હતો. રાણીનું સૈન્ય આખી રાત આરામ લેવાનું છે એ ખબર સાંભળી તેને આનંદ થયો. તેણે પોતાની યોજના એકદમ ઘડી કાઢી. મધ્યરાત્રિ વીતી ગયા પછી તેણે પોતાની ભયંકર તોપો સાથે દુર્ગાવતીના ઊંઘતા સૈન્ય ઉપર ઓચિંતો છાપો માર્યો. દુર્ગાવતીનું સૈન્ય આ વખતે ગડમંડળા અને સિંહગઢની વચ્ચે હતું. રાણીને ખબર પડી કે શત્રુએ દગો કર્યો છે અને ઊંઘતા સૈન્ય ઉપર ઓચિંતો છાપો માર્યો છે એટલે તે તુરત જ સફાળી પોતાના પલંગ ઉપરથી ઉભી થઈ ગઈ. પળવારમાં તેણે બખતર પહેરી શસ્ત્રો સજી દીધાં અને ભયંકર સિંહનાદ કરી પોતાના ઊંઘતા સૈન્યને જાગ્રત કરી દીધું. અસફ્ખાનની બધી તોપો વખતસર આવી નહિં પહોંચવાથી તેમ દુર્ગાવતીની સમયસૂચકતાથી મોગલોનો આ હુમલો પણ નિષ્ફળ ગયો. દુર્ગાવતીના રજપૂત સૈન્યને આમ ત્રીજી વાર પણ વિજય મળ્યો. પરંતુ દુર્ગાવતીના સૈન્ય ઉપર ઓચિંતો હુમલો થયેલો હોવાથી શરૂઆતમાં જ્યારે એ સૈન્ય તદ્દન અવ્યવસ્થિત હતું અને તેમાં નાસભાગ થવા લાગેલી હોવાથી એ સૈન્યના ઘણા માણસો માર્યા ગયા. જો કે દુર્ગાવતીની કાર્યકુશળતાએ એ સૈન્યને ટૂંક સમયમાં વ્યવસ્થિત કરી દીધું અને શત્રુને હરાવી તેનો હુમલો પાછો વાળ્યો પણ એ હુમલામાં હિન્દુ રાણીના સૈન્યની ખુવારી પુષ્કળ થઈ. પરિણામે બીજે દિવસે જ્યારે અસફ્ખાનની બધી તોપો આવી પહોંચી અને તેની મદદથી તેણે દુર્ગાવતીના સૈન્ય ઉપર ફરી હુમલો કર્યો ત્યારે દુર્ગાવતીના સૈન્યથી એ હુમલાનો બરોબર સામનો થઈ શક્યો નહિ અને હિન્દુ રાણીના સૈન્યને ઘણું નુકશાન પહોંચ્યું, તેથી સૈન્ય નાસીપાસ થવા લાગ્યું. આ વખતે દુર્ગાવતી પોતાના

જયમંગળ નામના હાથી ઉપર સ્વાર થઈ સૈન્યને મોખરે આવીને ઊભી રહી અને સૈન્યને પ્રોત્સાહન આપવા મંડી. અસફખાનની તોપોના ગોળા એક ભયંકર દાવાનળની માફક રજપૂત સૈન્યની ખુવારી કરી રહ્યા હતા. કુમાર વીર નારાયણે પણ પોતાની માતાની માફક આ યુદ્ધમાં અતુલ્ય પરાક્રમ બતાવ્યું. અઢાર વર્ષના આ વીર યુવકે યુદ્ધની મધ્યમાં ધસી આવી અસંખ્ય શત્રુઓનો નાશ કર્યો પરંતુ તેને પુષ્કળ ઘા વાગ્યા હતા. દુર્ગાવતીને આ વાત ખબર પડતાં જ તે તરત જ પોતાના એકના એક પુત્રની મદદમાં દોડી ગઈ. પુત્રને કાંઈક વધારે સહીસલામત સ્થાન ઉપર મોકલી દઈ તેનું સ્થાન માતાએ લીધું. શત્રુની ફોજે વીર નારાયણને ચારે તરફથી ઘેરી લીધો. તોપોના ગોળા અને તીરોના ઘાથી એનું આખું શરીર ઘવાઈ ગયું હતું અને ચાળણીના જેવું બની ગયું હતું. દુર્ગાવતીએ આ બધું જોયું. ચતુર રાણી તરત જ સમજી ગઈ કે વીર નારાયણ હવે આ જગતમાં ઘડી બેઘડીનો મહેમાન છે. પળ વાર તો તેના હૃદયમાં માતૃપ્રેમ ઊભરાઈ આવ્યો. આંખમાં આંસુ આવી ગયાં અને ડૂમો ભરાઈ ગયો. પણ એક ક્ષણમાં જ તેણે જોઈ લીધું કે જો અત્યારે હું લાગણીવશ થઈ નબળાઈ બતાવીશ તો આખા સૈન્યમાં નિરુત્સાહ ફેલાઈ જશે અને તેનું પરિણામ ભયંકર આવશે. હૃદયની લાગણીઓને અંકુશમાં રાખી તેણે યુદ્ધ તરફ પોતાનું મન પરોવ્યું. અને શત્રુસૈન્ય ઉપર ભયંકર હુમલો કર્યો.

રણક્ષેત્રની પાસે એક નદી હતી. રાત્રે તો એ નદી લગભગ સૂકી હતી. અને દુર્ગાવતીનું સૈન્ય એ નદી આગળ ધસ્યું હતું. પણ સવારે એ નદીમાં એકાએક ઘોડાપૂર આવ્યું. દુર્ગાવતીએ જોયું કે હવે મારું સૈન્ય આ નદી ઓળંગી ગડમંડળા તરફ પાછું ફરે એ અશક્ય હતું. હવે તો શત્રુઓની તોપોની સામે જ ઊભા રહી આપણું વીરત્વ બતાવવું. એ સિવાય બીજો રસ્તો રહ્યો નથી. મોગલ સૈન્ય તરફથી ઉપરાઉપરી આવતા તોપોના ગોળાઓએ અસંખ્ય રજપૂતોના પ્રાણ લીધા હતા. આખું રણક્ષેત્ર ભયંકર

બની ગયું હતું. અસફખાંએ નદીમાં આવેલા પૂરનો લાભ લઈ દુર્ગાવતીના સૈન્યને ઘેરી લીધું અને એ સૈન્યના ઉપર ચારે તરફથી તોપોનો મારો ચલાવવા માંડયો. વીર રજપૂત સૈનિકોએ પણ પોતાનું પરાક્રમ બતાવવામાં કાંઇ બાકી રાખ્યું નહિ. મોગલોને શરણે જઇ પોતાનો જીવ બચાવવાનો વિચાર સરખોએ કોઇને આવ્યો નહિ.

દુર્ગાવતીના સૈન્યમાં હવે માત્ર ૩૦૦ વીર યોદ્ધાઓ જીવતા રહ્યા હતા. બાકીના બધાએ ખપી ગયા હતા. એવામાં શત્રુનું એક તીર દુર્ગાવતીની આંખમાં વાગ્યું. એ તીર આંખમાંથી બહાર ખેંચી કાઢવાને રાણીએ બહુએ પ્રયાસો કર્યા, પણ એના એ પ્રયત્નો નિષ્ફળ નિવડયા. આવા કટોકટીના સમયે પણ આ વીરાંગનાએ હિંમત છોડી નહિં. આંખમાં તીર લાગેલું હોવા છતાં તે બહાદુરીથી શત્રુઓની સામે લડયા જ કરતી હતી. દાંતવતી ઘોડાની લગામ પકડી એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ભાલો ઝાલી વીર ચંડીની માફક તેણે શત્રુના સૈન્યમાં આમતેમ ઘસવા માંડયું. જે તરફ તે ઘુસતી ત્યાં શત્રુના સૈન્યની આખી હારની હાર તેની કાતીલ તલવારના ઘાથી નાશ પામતી હતી. પરંતુ તેનાથી હવે વધુ વખત ટકી શકાયું નહિ. આખરે શત્રુના સૈન્ય તરફથી દૂરથી આવેલું એક તીર તેના ગળામાં વાગ્યું અને તે બેશુદ્ધ થઇ ઘોડા ઉપરથી નીચે પડી. ચોતરફ તેને અંધકાર દેખાવા લાગ્યો. જે વીર રાણી પોતાના એકના એક પ્રિય પુત્રને મરણતોલ ઘાયલ થયેલો જોઈ બિલકુલ ગભરાઈ નહોતી. તે હવે ગભરાઇ ગઇ. વિજયની આશા તો હવે બિલકુલ રહી નહોતી. તેના વીર સૈનિકોમાંથી હવે માત્ર ગણ્યાં ગાંઠયા જીવતા રહી શકયા હતા. બેભાન રાણીને તરત જ તેના વફાદાર સૈનિકોએ ઊંચકી લીધી અને હાથીની અંબાડી ઉપર સુવાડી. થોડી વારે તેને ભાન આવ્યું હાથીના મહાવતે રાણીને આજીજી સાથે કહ્યું કે "આપ આજ્ઞા આપો તો હું નદી ઓળંગી આપને સહીસલામત ગડમંડળામાં પહોંચાડી દઉં." પણ આ વીર રમણીએ આવે સમયે પણ રણક્ષેત્રમાંથી નાસી

જવાની ચોખ્ખી ના પાડી. તે પોતાનો ક્ષાત્ર ધર્મ બીલકુલ ચુકી નહિ. શત્રુને શરણે જઈ પોતાનો પ્રાણ બચાવવાનો તો એને તેમ બીજા કોઈ સૈનિકને વિચાર સરખોએ આવ્યો નહોતો. શત્રુને પીઠ બતાવ્યા વગર રણક્ષેત્રમાં જ પોતાના પ્રાણની આહૂતિ આપવાનો રાણીએ નિશ્ચય કરી દીધો. મ્લેચ્છને હાથે જીવતા કેદ પકડાવવું કે તેને હાથે મરવું તેના કરતાં તો પોતાને હાથે જ પોતાનો પ્રાણ લેવો એ તેને યોગ્ય લાગ્યું. હાથમાં હથીઆર પકડવાની તેનામાં શક્તિ રહી નહોતી શરીરમાંથી ઠેકાણે ઠેકાણેથી લોહીના ફુવારા ઊડી રહ્યા હતા પ્રત્યેક ક્ષણે તેની જીવનશક્તિ ક્ષીણ થયે જતી હતી. એવે વખતે એકાએક તેનામાં જુસ્સો આવ્યો. એકદમ તેણે હાથીના મહાવતના હાથમાંથી પોતાની તલવાર ઝુંટાવી લીધી, અને પોતાની છાતીમાં ભોંકી દીધી. તરત જ આ વીરાંગનાના સુંદર શરીરમાંથી પ્રાણ પંખેરૂ ઉડી ગયું. આ રીતે આ વીર રાણી દુર્ગાવતીએ ક્ષત્રિય ધર્મ અને કર્તવ્યની વેદી ઉપર પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.

જે સ્થળે રાણી દુર્ગાવતીએ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો હતો તે સ્થળ આજે પણ ત્યાંના રહેવાસીઓ અભિમાનથી મુસાફરોને બતાવે છે. આ સ્થાન દરેક હિન્દુને મન તો પવિત્ર તીર્થસ્થાન હોવું જોઈએ. આજે પણ એ સ્થળે બે ગોળ પથ્થરો પડેલા જોવામાં આવે છે. લોકોક્તિ એવી છે કે એ બે પથ્થરો રાણી દુર્ગાવતીના સૈન્યના બે ડંકાઓ છે. આ બે પથ્થરો જોઈ ઈતિહાસકારો તથા કવિઓના હૃદયમાં અનેક જાતના ભાવો ઉદ્‌ભવે છે.

સિંહગઢના યુદ્ધની સરખામણી તો હલદીઘાટ યુદ્ધ સાથે થવી જોઈએ. અને ઈતિહાસકારોએ રાણી દુર્ગાવતીને વીર રાણા પ્રતાપની હારમાં સ્થાન આપવું જોઈએ. પરંતુ આપણા દુર્ભાગ્યે આપણા દેશના ઈતિહાસકારોએ રાણી દુર્ગાવતીની જીવનકથાને યોગ્ય ન્યાય આપ્યો નથી. આપણે આશા રાખીશું કે ભવિષ્યના ઈતિહાસકારો આ વીર રમણીને ન્યાય આપશે અને ઈતિહાસમાં તેને યોગ્ય સ્થાન આપી તેની કીર્તિને અમર કરશે.

दुर्गावती की वीरता.

जब दुर्गावती रण में निकली हाथों में थीं तलवारें दो।
धरती कांपी आकाश हिला, जब हिलने लगी तलवारें दो॥१

गंगा की धार लगी तपने, सरयू का पानी उबल पड़ा।
सूरज की आंखे चुधियांई, जब चमक उठी तलवारें दो॥२

वायु भी डरसे सहम गई, आकाश का रंग भी जर्द हुआ।
उन गोरे २ हाथों में जब तड़प उठी तलवारें दो॥३

गुस्से से चेहरा ताम्बा था आखों से शरारे उठते थे।
घोड़े की बाग दांतों में हाथों में थीं तलवारें दो॥४

लो फिर गई एक शेरनी है हर उज्व बदन का फड़क उठा।
वो चोट पड़ी नक्कारे पर वह निकल पड़ी तलवारें दो॥५

जिस तरफ गई बिजली की तरह इकपरे का मंजर बांधदिया।
कट २ के गई दुश्मन की सफें जिस तरफ गई तलवारें दो॥६

हर हाथ पयामें मौत बना हर बार बहाना मौत का था।
सिर धड़से कटे गाजरकी तरह जब कौंद गई तलवारें दो॥७

लाशों से भूमि दबने लगी और रक्त के दरिया बह निकले ।
उस तरफ हाहाकार मची जिस तरफ चली तलवारें दो ॥८

वो फस गई हैं नरगे में वो एक घिरी हैं बीसों में ।
वो निकल गई बिजली की तरह सौसे लड़ी तलवारें दो ॥९

दुश्मन के छक्के छूट गये सब कोम म्लेच्छो टूट गये ।
पाँव सिरों पर रख भाग उठे जब रुक न सकी तलवारें दो ॥१०

दुर्गा भारत की शान थी तू हिंदुओं की पतकी मांन थी तू ।
दुश्मन को याद अभी तक हैं तेरी खूनी तलवारें दो ॥११